| | | | |
|---|---|---|---|
| GJGS040048162024 | | Presented on | 05.12.2024 |
| | | Registered on | 05.12.2024 |
| | | Decided on | 02.04.2026 |

**:: નમૂના – અ ::**

| | |
|---|---|
| **મહેરબાન ઉનાના સેકન્ડ એડી. ચીફ જ્યુડી. મેજી. (શ્રી નીરજકુમાર યાદવ) સમક્ષ, ઉના, તા. ઉના, જી. ગીર સોમનાથ.** | |
| ચુકાદાની તારીખ | ૦૨/૦૪/૨૦૨૬ |
| ફો. કે. સંખ્યા | ૩૪૬૯/૨૦૨૪ |
| જજમેન્ટ આંક | |
| **ગુનાની વિગત** | |
| ગુનાની કલમ | **પ્રોહીબિશન એકટની કલમ ૬૬(૧)(બી) મુજબ** |
| પ્રથમ માહિતી અહેવાલ સંખ્યા | ૧૧૧૮૬૦૦૮૨૪૧૮૬૮/૨૦૨૪ |
| પોલીસ સ્ટેશન | ઉના પોલીસ સ્ટેશન |
| ફરિયાદી પક્ષ | સ્ટેટ ઓફ ગુજરાત |
| રજૂઆત | વિ. મદદનીશ સરકારી વકીલ શ્રી. **એ.જી. ગામીત** |
| આરોપી પક્ષ | **રોહીતભાઈ ઉર્ફે લાલો ભરતભાઈ જોષી**<br>રહે. ઉના, ભીમપરા રામેશ્વર ખાણ,<br>તા. ઉના, જી. ગીર સોમનાથ. |
| રજૂઆત | આરોપી તરફે વિ. વકીલશ્રી **સી.બી. બાંભણીયા** |

**:: નમૂના – બ ::**

| | |
|---|---|
| ગુનાની તારીખ | ૨૪/૧૧/૨૦૨૪ |
| પ્રથમ માહિતી અહેવાલની તારીખ | ૨૪/૧૧/૨૦૨૪ |
| આખરી અહેવાલની તારીખ | ૨૬/૧૧/૨૦૨૪ |
| તહોમતનામા/પ્લીની તારીખ | ૨૩/૧૨/૨૦૨૪ |
| પુરાવો શરૂ થયાની તારીખ | ૧૭/૦૩/૨૦૨૫ |
| ચુકાદા માટે રાખવાની તારીખ | ૦૯/૦૩/૨૦૨૬ |
| ચુકાદાની તારીખ | ૦૨/૦૪/૨૦૨૬ |
| સજા હુકમની તારીખ (લાગુ પડે તો) | ૦૨/૦૪/૨૦૨૬ |

**:: નમૂનો ક ::**

**ફરિયાદી / બચાવ / ન્યાયાલયના સાક્ષીની યાદી**
**અ. ફરિયાદ પક્ષ**

| અનુ ક્ર. | નામ | પુરાવાનો પ્રકાર |
|---|---|---|
| ફ.સ.૧ | શાંતિલાલ મેઘજીભાઈ સોલંકી | પંચસાહેદ |
| ફ.સ.૨ | સંદિપ મનસુખભાઈ ગોસ્વામી | પંચસાહેદ |
| ફ.સ.૩ | રવિસિંહ પ્રદિપસિંહ ગોહીલ | ફરિયાદી |
| ફ.સ.૪ | નાનજીભાઈ શાર્દુળભાઈ ચારણીયા | તપાસ કરનાર અધિકારીશ્રી |
| ફ.સ.૫ | ડો. કીન્નરીબેન હરીભાઈ પોરીયા | તબીબી સાહેદ |

**ફરિયાદી / બચાવ / ન્યાયાલયના આંકની યાદી**
**અ. ફરિયાદ પક્ષ**

| અનુ ક્ર. | આંક સંખ્યા | વર્ણન |
|---|---|---|
| ૧. | ૦૬ | પંચસાહેદ શાંતિલાલ મેઘજીભાઈ સોલંકીની જુબાની |
| ૨. | ૦૭ | પંચનામું |
| ૩. | ૦૮ | પંચસાહેદ સંદિપ મનસુખભાઈ ગોસ્વામીની જુબાની |
| ૪. | ૧૧ | ફરિયાદી રવિસિંહ પ્રદિપસિંહ ગોહીલની જુબાની |
| ૫. | ૧૨ | ફરિયાદ |
| ૬. | ૧૩ | ત.ક.અ. નાનજીભાઈ શાર્દુળભાઈ ચારણીયાની જુબાની |
| ૭. | ૧૪ | તપાસનો હુકમ |
| ૮. | ૧૫ | આરોપીની લોહી તપાસણી કરવા અંગેની યાદી |
| ૯. | ૧૬ | તબીબી સાહેદ ડો. કીન્નરીબેન હરીભાઈ પોરીયાની જુબાની |
| ૧૦. | ૧૭ | ફોર્મ–એ |
| ૧૧. | ૧૮ | ફોર્મ–બી |
| ૧૨. | ૧૯ | ફોર્મ – સી |
| ૧૩. | ૨૦ | આરોપીના ઓ.પી.ડી. કેસ પેપર |

**– ઃ ચુ કા દો ઃ–**

૧) ફરીયાદ પક્ષના કેસની ટુંક વિગત એવી છે કે, આ કામના આરોપીએ તા. ૨૪/૧૧/૨૦૨૪ ના રોજ કલાક ૧૭–૩૦ વાગ્યે દેલવાડા ગામે નવાબંદર ચોકડી ઉપર જાહેરમાં ગેરકાયદેસર પાસ પરમીટ વગર કેફી પીણું પીધેલ હાલત મળી આવી પકડાઈ જઈ પ્રોહીબીશન એકટની કલમ ૬૬(૧)(બી) મુજબનો ગુન્હો કરેલ છે, જે બાબતની ફરીયાદ ફરીયાદીએ તા. ૨૪/૧૧/૨૦૨૪ ના રોજ ઉના પોલીસ સ્ટેશનમાં ગુ.ર.નં. ૧૧૧૮૬૦૦૮૨૪૧૮૬૮/૨૦૨૪ થી જાહેર કરેલ છે. ત્યારબાદ તપાસના અંતે તપાસ કરનાર અધિકારીએ આંક–૧ મુજબનું ચાર્જશીટ મહેરબાન એડીશ્નલ ચીફ જયુડિશિયલ મેજીસ્ટ્રેટ સાહેબશ્રીની કોર્ટમાં કરેલ.

૨) આરોપીના ગુનાના સજ્ઞાન લઈને આરોપીને સમન્સ ઈશ્યુ કરતા આરોપી તેમના વિદ્ધાન વકીલ શ્રી મારફતે નામદાર કોર્ટમાં હાજર થયેલ છે. ત્યારબાદ આરોપીનું નામદાર કોર્ટની રૂબરૂમાં આંક – ૪ થી આરોપીનું નિવેદન લીધેલ, જેમાં આરોપી દ્ધારા ગુનો કર્યાનો ઈન્કાર કરવામાં આવેલ છે. જેથી ફરીયાદ પક્ષનો પુરાવો નોંધવામાં આવેલ છે.

૩) આ કામે આરોપી વિરૂધ્ધ રેકર્ડ ઉપર આવેલ પુરાવો ધ્યાને લેતા આરોપીનું ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ ૩૫૧(૧)(એ) હેઠળ વિશેષ નિવેદન નોંધવામાં આવેલ, સદર નિવેદનમાં આરોપી દ્ધારા ફરીયાદ પક્ષ દ્ધારા રજૂ રખાયેલ મહતમ પુરાવાનો અસ્વીકાર કરેલ છે અને ફરીયાદપક્ષની હકિકતો અને રજૂ રખાયેલ પુરાવો ખોટો હોવાનું જણાવી તે બાબત તકરાર ઉભી કરેલ છે તેમજ બચાવના કોઈ સાહેદો તપાસવા માંગતા નહિ હોવાનું જણાવેલ છે.

૪) વિ.એ.પી.પી.શ્રી દ્ધારા એવી દલીલો કરવામાં આવેલ છે. હાલ ના કામે આરોપીને પોલીસ દ્ધારા જાહેરમાં ગેરકાયદેસર વગર પાસ પરમીટે કેફી પીણુ પીધેલ હાલતમાં પકડેલ છે અને આરોપી વિરૂદ્ધ ગુનો દાખલ કરેલ છે. સદરહું કામના ફરિયાદી, મેડીકલ ઓફીસર ની જુબાની જોવામાં આવે તો ફરિયાદ પક્ષના કેસની તમામ હકીકતો રેકર્ડ પર આવેલી છે. મેડીકલ ઓફીસરશ્રીએ તેમની જુબાનીમાં ફોર્મ–એ,બી,સી રજુ કરેલ છે જેમાં આરોપીના બ્લડમાં ૦.૦૫ થી વધારે આલ્કોહોલનું પ્રમાણ રેકર્ડ પર આવેલ છે. આમ, તહોમત મુજબનો ગુનો પુરવાર થતો હોય આરોપીને સજા કરવા અરજ કરેલ છે.

૪.૧) બચાવ પક્ષે વિદ્ધાન વકીલશ્રીએ એવી દલીલ કરેલ છે કે, હાલના કામે આરોપીની સામે ફરિયાદ પક્ષ પોતાનો કેસ સાબિત કરી શકેલ નથી. ફરિયાદ અધુરી અને અસ્પષ્ટ છે. વધુમાં આ કામે ફોર્મ–એ, બી, સી રજુ કરેલ છે પરંતુ તેમાં બ્લડ સેમ્પલની જોગવાઈઓનું પાલન કરેલ નથી અને જોગવાઈઓનો ભંગ કરેલ છે. આમ, મેડીકલ દસ્તાવેજ મુજબ પણ જોગવાઈ મુજબ કાર્યવાહી થયેલ ના હોઈ, આરોપી વિરૂદ્ધ હાલનો ગુનો સાબિત થતો નથી. આથી, આરોપીને નિર્દોષ છોડી મુકવો જોઈએ.

૫) આ કેસના નિર્ણય માટે મારી સમક્ષ નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

**– ઃ મુદ્દા ઃ –**

**મુદ્દા નં.૧)** શું ફરીયાદ પક્ષ નિઃશંકપણે પુરવાર કરે છે કે, આ કામના આરોપીએ તા. ૨૪/૧૧/૨૦૨૪ ના રોજ કલાક ૧૭–૩૦ વાગ્યે દેલવાડા ગામે નવાબંદર ચોકડી ઉપર જાહેરમાં ગેરકાયદેસર પાસ પરમીટ વગર કેફી પીણું પીધેલ હાલત મળી આવી પકડાઇ જઇ પ્રોહીબીશન એકટની કલમ ૬૬(૧)(બી) મુજબનો શિક્ષાને પાત્ર ગુનો કરેલ છે?

**મુદ્દા નં.૨)** શું હુકમ ?

૬) ઉપરોકત મુદ્દાઓના મારાં નિર્ણયો નીચે મુજબ છે.

**મુદ્દા નં.૧)** – હકારમાં

**મુદ્દા નં.૨)** – આખરી હુકમ મુજબ.

**–:પુરાવાનું મુલ્યાંકન:–**

૭) ન્યાયતંત્રના પ્રસ્થાપિત સિદ્ધાંત મુજબ "પુરાવાનું મુલ્યાંકન" શબ્દને પુરાવાના કાયદામાં ક્યાય પણ વ્યાખ્યાબદ્ધ કરવામાં આવેલ નથી કે તે માટે કાયદા સમર્થિત કોઈ નિયમ નથી. પુરાવાનું મુલ્યાંકન કેવી રીતે કરવું તે દરેક કેસની હકીકતો અને સંજોગો પર આધારિત હોય છે. પુરાવાના મૂલ્યાંકનનો આધાર પુરાવાના કાયદાની કલમ–૩ માં કરવામાં આવેલી સાબિત અને ના સાબિતની વ્યાખ્યા પર આધારિત છે.

૮) ફોજદારી કાર્યવાહીમાં પુરાવાનો બોજો ફરિયાદ પક્ષ ઉપર રહે છે. ફરિયાદ પક્ષે પોતાની હકીકતો શંકાથી પર સાબિત કરવાની હોય છે. દીવાની કાર્યવાહીમાં જે રીતે સંભવિતતા દર્શાવવામાં આવતી હોય છે. તેવી હકીકત ફોજદારી કાર્યવાહીમાં હોતી નથી. આરોપી વિરૂદ્ધનું તહોમત નિ:શંકપણે પુરવાર કરવાનું રહે છે. ફોજદારી કાર્યવાહીમાં તમામ તબક્કે પુરાવાનો બોજો ક્યારેય ફરિયાદ પક્ષેથી આરોપી ઉપર ખસતો નથી. ફરિયાદ પક્ષે માત્ર સંભવિતતા જ દર્શાવાની હોતી નથી. પરંતુ આરોપી પરનું તહોમત નિ:શંકપણે પુરવાર કરવાનું રહે છે. ફોજદારી કાર્યવાહીમાં આરોપી જો કોઈ અપવાદનો લાભ લેવા માંગતો હોય તો પણ તેમણે પુરાવાના કાયદાની કલમ–૧૦૫ અન્વયે સંભવિતતા દર્શાવવાની રહે છે. આરોપીએ અપવાદ માટેની હકીકતો શંકાથી પર રીતે સાબિત કરવાની હોતી નથી. સાબિત થયેલી હકીકતો કોને કહેવાય તે જોવામાં આવે તો અદાલત સમક્ષ પડેલી બાબતો પરથી એક સામાન્ય સમજદારી ધરાવતી વ્યક્તિ જે સંજોગોમાં જે

તે હકીકતનું અસ્તિત્વ હોવાનું માને તો તેવી હકીકત સાબિત થયેલી ગણાય.

૯) પ્રોસીક્યુસન દ્વારા સદર કેસમાં પોતાનો કેસ નિ:શંકપણે સાબિત કરવા માટે સાહેદોની જુબાનીથી કેસની હકીકતોને પુરવાર કરવા સોગંદ ઉપર સરતપાસ કરેલ છે. જયારે આરોપીએ પોતાના વિદ્વાન વકીલ શ્રી દ્વારા બચાવ માટે ઉલટતપાસ કરેલ છે.

**મુદ્દા નં. ૧ ના કારણોની ચર્ચા તેમજ પુરાવાનું મુલ્યાંકન :-**

૧૦) ફરિયાદ પક્ષ તરફે પોતાના કેસની હકીકતો પુરવાર કરવા માટે આંક – ૧૧ થી ફરિયાદી રવિસિંહ પ્રદિપસિંહ ગોહીલ નાએ પોતાની સોગંદ પરની જુબાનીમાં જણાવેલ છે કે, "તા. ૨૪/૧૧/૨૦૨૪ ના રોજ હું ઉના પોલીસ સ્ટેશનમાં પોલીસ કોન્સ્ટેબલ તરીકે ફરજ બજાવતો હતો તે વખતે અમો તથા પોલીસ સ્ટેશનના માણસો સાથે પેટ્રોલીંગમાં હતા ત્યારે દેલવાડા ગામે નવાબંદર ચોકડી પાસે રોડ પર આવતા દિવ તરફથી બે ઇસમ લથડીયા ખાતા ચાલતા આવતા હોય તેમને રોકી ચેક કરતાં તેઓ કેફી પીણું પીધેલાનું જણાઇ આવતા બે પંચોના માણસોને બોલાવી હકીકતની સમજ કરી પંચો રૂબરૂ તેમનું નામ પુંછતા તેણે થોથરાતી જીભે, ત્રુટક ત્રુટક શબ્દોમાં પોતાના નામ રોહિતભાઇ ભરતભાઇ જોષી તથા વિનોદભાઇ રાજાભાઇ ચારણીયા જણાવેલ. ત્યારબાદ પંચો રૂબરૂ તેમને હલનચલન કરાવી જોતા તેઓ પોતે પોતાના શરીરનું સમતોલન જાળવી શકતા ન હતા જેથી સદર ઇસમ પાસે કેફી પીણું પીધેલાની તીવ્ર વાસ આવતી હોય તેમની આંખો જોતા નશા તળે લાલ જોવા મળેલ. સદર ઇસમોને પાસ પરમીટ માંગતા નહી હોવાનું જણાવતા અમારી સાથેના પો.હે.કોન્સ. એન.એસ. ચારણીયાએ વિગતે શરીર સ્થિતિનું પંચનામું કરી આરોપીઓને અટક કરેલ. ત્યારબાદ અમોએ આ બનાવની ફરિયાદ આપેલ. મને ફરિયાદ બતાવવામાં આવે છે જેમાં મારી સહી છે જે ઓળખી બતાવુ છું, જે ફરિયાદ આંક – ૧૨ થી રજુ છે."

ત્યારબાદ બચાવ પક્ષ તરફેની ઉલટતપાસમાં સદર ફરિયાદીએ જણાવેલ છે કે, "એ વાત ખરી છે કે બનાવવાળી જગ્યા આગળ બે ચેક પોસ્ટ આવેલ છે, જે દિવ અને એક ગુજરાત પોલીસનું ચેકપોસ્ટ આવેલ છે. એ વાત ખરી છે કે આ ચેકપોસ્ટથી નીકળતા માણસોનું તથા વાહનોનું ચેકીંગ કરવામાં આવે છે. એ વાત ખરી છે કે દિવ પોલીસના ચેકપોસ્ટ પર કેમેરા મુકવામાં આવેલ છે. એ વાત ખરી છે કે ફરિયાદમાં પંચોના નામ-સરનામા જણાવેલ નથી. એ વાત ખરી છે કે બનાવવાળી જગ્યા તે જાહેર માર્ગ છે અને ત્યાંથી વાહનો તથા માણસોની સતત અવરજવર ચાલુ હોય છે. એ વાત

ખરી છે કે આરોપીએ કેફી પીણું પીધેલ છે કે કેમ તે અંગે અમોએ બ્રેથ એનલાઇઝરથી તપાસ કરેલ ન હતી."

**૧૧)** ફરિયાદ પક્ષ તરફે આંક – ૧૩ થી તપાસ કરનાર અધિકારીશ્રી નાનજીભાઇ શાર્દુળભાઇ ચારણીયા નાએ પોતાની સોગંદ પરની જુબાનીમાં જણાવેલ છે કે, "તા. ૨૪/૧૧/૨૦૨૪ ના રોજ હું ઉના પોલીસ સ્ટેશનમાં પોલીસ કોન્સ્ટેબલ તરીકે ફરજ બજાવતો હતો તે વખતે અમો તથા પોલીસ સ્ટેશનના માણસો સાથે પેટ્રોલીંગમાં હતા ત્યારે દેલવાડા ગામે નવાબંદર ચોકડી પાસે રોડ પર આવતા દિવ તરફથી બે ઇસમ લથડીયા ખાતા ચાલતા આવતા હોય તેમને રોકી ચેક કરતાં તેઓ કેફી પીણું પીધેલાનું જણાઇ આવતા બે પંચોના માણસોને બોલાવી હકીકતની સમજ કરી પંચો રૂબરૂ તેમનું નામ પુંછતા તેણે થોથરાતી જીભે, ત્રુટક ત્રુટક શબ્દોમાં પોતાના નામ રોહિતભાઇ ભરતભાઇ જોષી તથા વિનોદભાઇ રાજાભાઇ ચારણીયા જણાવેલ. ત્યારબાદ પંચો રૂબરૂ તેમને હલનચલન કરાવી જોતા તેઓ પોતે પોતાના શરીરનું સમતોલન જાળવી શકતા ન હતા જેથી સદર ઇસમ પાસે કેફી પીણું પીધેલાની તીવ્ર વાસ આવતી હોય તેમની આંખો જોતા નશા તળે લાલ જોવા મળેલ. સદર ઇસમોને પાસ પરમીટ માંગતા નહી હોવાનું જણાવતા અમોએ વિગતે શરીર સ્થિતિનું પંચનામું કરી આરોપીઓને અટક કરેલ. સદર બનાવ અંગે કોન્સ. રવિસિંહ પ્રદિપસિંહે બંને આરોપીઓ વિરૂદ્ધ અલગ–અલગ ફરિયાદ આપેલ. ત્યારબાદ સદર ગુનો નોંધી સદર ગુનાની તપાસ પી.એસ.ઓ. દ્વારા સોંપતા અમોએ તપાસ સંભાળી લીધેલ, જે તપાસનો હુકમ આંક – ૧૪ થી રજુ છે. આ કામે અમોને તપાસમાં સદર ગુનાની ફરિયાદ, પંચનામું તથા સાધનિક કાગળો મળેલા જેનો મેં અભ્યાસ કરેલો. અમોએ સદર ગુનાને લગતા સાહેદોના નિવેદનો નોંધેલા અને અટક કરેલા. આરોપીની કાર્યવાહી પુર્ણ કરી જામીન મુક્ત કરેલા. ત્યારબાદ આરોપીની શારીરિક તપાસણી તેમજ લોહીના સેમ્પલ લેવા માટે તેમને ઉના સરકારી દવાખાને યાદી સાથે મોકલેલ, જે યાદી આંક – ૧૫ થી રજુ છે. મેં ઉના સરકારી દવાખાનાના ફરજ પરના ડોક્ટરશ્રીએ આપેલ ફોર્મ એ મેળવી તપાસના કામે સામેલ રાખેલ. આ કામે તપાસના કાગળોનો અભ્યાસ કરી આરોપી વિરૂદ્ધ પુરતો પુરાવો જણાતા અમોએ આરોપી વિરૂદ્ધ ચાર્જશીટ કરી નામદાર કોર્ટમાં રજુ કરેલ."

ત્યારબાદ બચાવ પક્ષ તરફેની ઉલટતપાસમાં સદર સાહેદે જણાવેલ છે કે, ""એ વાત ખરી છે કે બનાવવાળી જગ્યા આગળ બે ચેક પોસ્ટ આવેલ છે, જે દિવ અને એક ગુજરાત પોલીસનું ચેકપોસ્ટ આવેલ છે. એ વાત ખરી છે કે આ ચેકપોસ્ટથી

નીકળતા માણસોનું તથા વાહનોનું ચેકીંગ કરવામાં આવે છે. એ વાત ખરી છે કે દિવ પોલીસના ચેકપોસ્ટ પર કેમેરા મુકવામાં આવેલ છે. એ વાત ખરી છે કે ફરિયાદમાં પંચોના નામ–સરનામા જણાવેલ નથી. એ વાત ખરી છે કે બનાવવાળી જગ્યા તે જાહેર માર્ગ છે અને ત્યાંથી વાહનો તથા માણસોની સતત અવરજવર ચાલુ હોય છે. એ વાત ખરી છે કે આરોપીએ કેફી પીણું પીધેલ છે કે કેમ તે અંગે અમોએ બ્રેથ એનલાઇઝરથી તપાસ કરેલ ન હતી. એ વાત ખરી છે કે કોઇ વ્યક્તિને ઉજાગરો થવાથી તેની આંખો લાલ જોવા મળે છે."

**૧૨)** ફરિયાદ પક્ષ તરફે આંક – ૧૬ થી તબીબી સાહેદ ડો. કીન્નરીબેન હરીભાઇ પોરીયા નાએ પોતાની સોગંદ પરની જુબાનીમાં જણાવેલ છે કે, "ગઇ તા. ૨૪/૧૧/૨૦૨૪ ના રોજ હું સરકારી હોસ્પિટલ ઉના મુકામે મારી ફરજ પર હતી ત્યારે સાંજના ૬–૪૫ વાગ્યે રોહીતભાઇ ભરતભાઇ જોષી, ઉ.વ.આ. ૨૩, રહે. ઉના વાળાને ઉના પોલીસ સ્ટેશનના એન.એસ. ચારણીયા, બ. નં. ૯૮૩ વાળા મેડીકલ તપાસ તથા લોહીના નમુનો લેવા માટે લઇ આવેલ. અમોએ આરોપીને તપાસતા તેના શ્વાસમાં દારૂની વાસ આવતી હતી, તેની બોલચાલ સામાન્ય હતી અને આંખની કીકીઓ પહોળી થયેલ હતી, તેની ચાલ સામાન્ય હતી, તેણે દારૂનું સેવન કરેલ હતુ, આરોપી દારૂની અસર તળે હતો. આરોપીના શરીરમાંથી પાંચ એમ.એસ. (સી.સી.) બ્લડ કલેક્ટ કરવામાં આવેલ હતું તેમાં વપરાયેલ સીરીજ તથા નીડલ સ્ટરાઇલ હતા જે કોટન સાફ કરવા માટે લઇએ તે સ્ટરાઇલ વોટરયુક્ત હતા. એક કાચના બલ્બમાં એન્ટીકોએગ્યુલન્ટ તથા પ્રીઝર્વેટીવ પાઉડર નાંખવામાં આવેલ તથા તેમાં કલેક્ટ કરેલું પાંચ સી.સી. બ્લડ ઉમેરેલુ તે બલ્બને રબર કેપથી ફીટ કરેલ અને હલાવીને એક્સેસ કરેલું. ત્યારબાદ તેને પટ્ટીથી સીલ કરી અને ત્યારબાદ તેને લાખથી સીલ કરી ફોર્મ–બી ભરેલ. ફોર્મ–બી માં વિગતો ભરીને એફ.એસ.એલ. ગાંધીનગર ખાતે આર.પી.એડી. થી મોકલી આપેલ. આરોપીના શરીરના જે ભાગેથી બ્લડ લીધુ હતુ તે ભાગને ડીસ્ટીલ વોટરના પોતાથી સાફ કરવામાં આવેલ હતું અને સ્પીરીટ કે આલ્કોહોલ ટચ કરવામાં આવેલ ન હતું. આ કામે અમોએ આરોપીને લોહી પરીક્ષણ કર્યા અંગેનું ફોર્મ–એ મારા હસ્તાક્ષરમાં નોંધેલ અને તેમાં મારી સહી તથા હોદ્દાનું સીલ મારેલ. જે ફોર્મ–એ આજરોજ મને બતાવવામાં આવે છે તેમાં મારી સહી છે જે હું ઓળખુ છું, જે ફોર્મ–એ આંક – ૧૭ થી રજુ છે. ત્યારબાદ લોહી પરીક્ષણ ફોર્મ – બી એફ.એસ.એલ. ખાતે મોકલેલ જેની સ્થળપ્રત હું મારી સાથે લાવેલ છું, જે આંક – ૧૮ થી રજુ છે તેમજ પૃથ્થકરણ થયેલ ફોર્મ – સી પરત આવતા જે રીપોર્ટમાં જોતા

આલ્કોહોલનું પ્રમાણ ૦.૦૯૫૩ W/V આવેલ જે સામાન્ય કરતા આલ્કોહોલનું પ્રમાણ વધારે કહેવાય અને સદર એફ.એસ.એલ. રીપોર્ટ જોતા અમોએ આરોપીના લોહીનું સેમ્પલ તા. ૨૪/૧૧/૨૦૨૪ ના રોજ લીધેલ હતું અને તા. ૨૮/૧૧/૨૦૨૪ ના રોજ એફ.એસ.એલ. ગાંધીનગરને મળેલ અને તેઓએ તા. ૨૧/૧૨/૨૦૨૪ ના રોજ સદર સેમ્પલનું એનાલીસીસ કરેલ હતું અને અમોને સદર રીપોર્ટ ફોર્મ–સી તા. ૧૦/૦૧/૨૦૨૫ ના રોજ પરત મળેલ હતું. જે ફોર્મ– સી આંક ૧૯ થી રજુ છે તેમજ આંક – ૨૦ થી આરોપીનું ઓ.પી.ડી. કેસ પેપર રજુ છે."

ત્યારબાદ બચાવ પક્ષ તરફેની ઉલટતપાસમાં સદર સાહેદે જણાવેલ છે કે, "એ વાત ખરી છે કે બનાવવાળા દિવસે બીજા ડોક્ટરો પણ હોસ્પિટલમાં હાજર હતા. એ વાત ખરી છે કે મારા હાથ નીચે ટ્રેઈની, મેલ–ફીમેલ નર્સ, કમ્પાઉન્ડર વિગેરે કામ કરતા હોય છે. એ વાત ખરી છે કે બનાવ સમયે અન્ય દર્દીઓની તપાસવાની કામગીરી પણ ચાલુ હતી. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે કમ્પાર્ટમેન્ટ અલગ હતા. એ વાત ખરી છે કે જ્યારે આરોપીને મારી પાસે લાવેલ ત્યારે તેના શરીર ઉપર કોઇ ઈજાના નિશાન ન હતા કે તે અંગે મેં કોઇ તપાસ કરેલ ન હતી. આ ઉપરાંત તેને કોઇ અન્ય બિમારી હતી કે કેમ તેની મેં કોઇ તપાસ કરેલ નથી. એ વાત ખરી છે કે ફોર્મ એ માં અન્ય બિમારી કે ઈજાના નિશાન બાબતે કોઇ નોંધ કરેલ નથી. એ વાત ખરી છે કે ફોર્મ – એ પ્રિન્ટેડ હોય છે. એ વાત ખરી છે કે ફિયાલ તરીકે ખાલી ઈન્જેકશનની શીશી વાપરવામાં આવે છે. એ વાત ખરી છે કે આ શીશીઓ અગાઉથી કમ્પાઉન્ડરો એકઠી કરી રાખે છે. એ વાત ખરી છે કે આરોપીનું બ્લડ સેમ્પલ મેં જાતે લીધેલ નથી પરંતુ મારી સાથેના નર્સએ મારી હાજરીમાં લીધેલ છે. એ વાત ખરી છે કે ફિયાલમાં પ્રિઝર્વેટીવ અને એન્ટીકોએગયુલેટ કેટલા પ્રમાણમાં ઉમેરેલ. એ વાત ખરી છે કે પ્રીઝર્વેટીવ અને એન્ટીકોએગયુલેટના પ્રમાણમાં જો ફેરફાર આવે તો પૃથ્થકરણમાં પણ ફેરફાર આવી શકે. એ વાત ખરી છે કે ફિયાલનું બુચ રબરનું હોય છે. એ વાત ખરી છે કે રજી.એડી. થી કોઇ વસ્તુ મોકલવામાં આવે તો તેની સ્લીપ અમારી પાસે હોય છે. એ વાત ખરી છે કે આ કામે કોઇ રજી. એડી. ની સ્લીપ રજુ કરેલ નથી."

૧૩) સદર કામે પ્રોહિબિશન એક્ટની કલમ – ૬૬ (૧)(બી) ના ગુના સબબ આગળ વધતા પહેલા કાયદેસરની બ્લડ સેમ્પલ લેવાની પ્રક્રિયાની રુલ ૪ મુજબની તમામ જોગવાઈઓનું પાલન કરેલ છે કે કેમ તે જોવું મહત્વપુર્ણ બની રહે છે, આ તબક્કે સદર રૂલ્સ ધ્યાને લેવામાં આવે તો,

**The Said Rule 4 Reads as under :–**

Rule 4(1) Manner or collection and forwarding of blood The registered medical practitioner shall use a syringe for the collection of blood of persion produced before him under Rule 3. The syringe shall be sterilized by putting in boiling water before it is used for the afore said purpose. He shall clean the sterilized the water and wash the skin surface of that part of such persons body from which he intends to withdraw a blood. No alcohol shall be touched at any stage while withdrawing blood from the body of the person. He shall withdraw not less than 5 c c of venous blood in the syringe from the body of the person. The blood collected in the syringe shall than be transferred in to a phial containing anticoagulant and preservative and the phial shall then be shaken vigorously to dissolve the anticoagulant and preservative in the blood. The phial shall then be shaken vigorously to dissolve the anticoagulant and preservative in the blood. The phial shall be labelled and its cap sealed by means of sealing wax with the official seal or the monogram of the registered medical practitioner.

(2) **The sample blood collected in the phial in the manner stated in sub rule (1) shall be forwarded for test to the testing officer either by post or with a special messenger so as to reach him within seven days from the date of its collection, it shall be accompanied by a forwarding letter in Form B which shall bear a fascimile of the seal or monogram use for sealing the phial of the sample blood**.

૧૪) સદર રૂલ્સ સાથે આ કેસના કામે થયેલ આરોપીનું બ્લડ સેમ્પલની પ્રક્રિયા ધ્યાને લેવામાં આવે તો સદર કામે આંક–૧૭ થી ફોર્મ–એ તથા આંક–૧૮ થી ફોર્મ–બી તેમજ આંક–૧૯ થી ફોર્મ–સી રજુ થયેલ છે. જે જોતા બ્લડ સેમ્પલ એફ.એસ.એલ ગાંધીનગર માં મોકલવામાં આવેલ છે. તેના રિપોર્ટમાં આરોપીના બ્લડની માત્રા વધારે એટલે ૦.૦૯૫૩ વેઈટ બાય વોલ્યુમ પર્સન્ટ આવેલ છે. સામાન્ય રીતે સામાન્ય માણસમાં આ પ્રમાણ હોય શકે નહી પરંતુ જો કોઈ મેડીસીનના કારણે આવે તો તે વધુમાં વધુ ૦.૦૬ થી નીચે હોઈ શકે. જે અંગે મેડીકલ ઓફિસરશ્રી તથા તપાસ કરનાર અમલદારશ્રીએ

તેમની જુબાનીમાં સમર્થન આપેલ છે. એફ.એસ.એલ. રીપોર્ટ બી.એન.એસ.એસ. એક્ટની કલમ–૩૨૯ મુજબ પુરાવામાં ગ્રાહ્ય રાખી શકાય તેવો પુરાવો છે અને જે બી.એન.એસ.એસ. એક્ટની કલમ–૩૨૯(૪) મુજબ પુરાવામાં સીધી રીતે ગ્રાહ્ય રાખી શકાય તેવો પુરાવો છે. જે નામદાર રાજસ્થાન ઉચ્ચ ન્યાયાલય દ્વારા કનૈયાલાલ વિરૂધ્ધ રાજસ્થાન રાજ્ય સને ૧૯૮૯ ક્રિ.લો જર્નલ ૧૬૧૮ (ડીવીજન બેન્ચ)ના ચુકાદામાં સ્પષ્ટ રીતે ઠરાવેલ છે કે, બી.એન.એસ.એસ. એક્ટની કલમ–૩૨૯(૪) મુજબ જ્યારે એફ.એસ.એલ. રીપોર્ટ સાયન્ટીફીક એનાલીસ્ટ દ્વારા આપવામાં આવેલ હોય તો તે સ્પષ્ટ રીતે પુરાવામાં ગ્રાહ્ય છે અને તેને પુરાવા માટે સાયન્ટીફીક એક્ષપર્ટને બોલાવવો જરૂરી નથી. તેવા સંજોગોમાં મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા ધ્યાને લેતાં આરોપીને કેફી પીણુ પીધેલ હાલતમાં મળી આવેલ છે. તેમના લોહીમાં આલ્કોહોલનું પ્રમાણ ૦.૦૫ થી વધારે રેકર્ડમાં આવેલ છે.

**૧૫)** વધુમાં ઉપરોક્ત હકીકત જોતા, રુલ ૪ (૨) મુજબ બ્લડ સેમ્પલ લીધા બાદ સાત દિવસની અંદર બ્લડ સેમ્પલ એફ.એસ.એલ. માં પહોંચી જવું જોઇએ. જે અંગે જોતા આરોપીનું બ્લડ સેમ્પલ તા. ૨૪/૧૧/૨૦૨૪ ના રોજ લેવામાં આવેલ છે જ્યારે સદર બ્લડ એફ.એસ.એલ. ને તા. ૨૮/૧૧/૨૦૨૪ ના રોજ મળેલ છે અને તા. ૨૧/૧૨/૨૦૨૪ ના રોજ બ્લડ પરીક્ષણ થયેલ છે. જે બ્લડ સેમ્પલ લીધા બાદ સાત દિવસની અંદર એફ.એસ.એલ. ને મળી ગયેલ છે. આમ, ઉપરોક્ત તબીબી પુરાવા પરથી બ્લડ ટેસ્ટ રૂલ્સની આદેશાત્મક જોગવાઈઓનું પાલન થયેલ છે. તેવા સંજોગોમાં મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા ધ્યાને લેતાં આરોપીને કેફી પીણુ પીધેલ હાલતમાં મળી આવેલ છે. તેમના લોહીમાં આલ્કોહોલનું પ્રમાણ ૦.૦૫ થી વધારે રેકર્ડમાં આવેલ છે. જેથી આરોપી ગુજરાત પ્રોહીબિશન એક્ટ કલમ–૬૬(૧)(બી) ના ગુન્હાના કામે દોષિત ઠરાવવામાં આવે છે અને સજા અંગે સાંભળવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ **તા. ૨જી, માહે–એપ્રિલ, સને–૨૦૨૬**ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી મારી સહી/સિક્કો કરીને જાહેર કર્યો.

ઉના.
તા. ૦૨ / ૦૪ /૨૦૨૬
**K.D. Vainsh (Guj. Steno)**

(નીરજ કુમાર યાદવ)
સેકન્ડ એડી. ચીફ જ્યુડી. મેજી, ઉના.
કોડ નં. જી.જે.૦૧૪૦૯

૧૬) સજા અંગે દોષિતના વિદ્ધાન વકીલશ્રીને સાંભળ્યા. તેમજ ફરિયાદ પક્ષે એ.પી.પીશ્રીને સજા અંગે સાંભળ્યા.

૧૭) દોષિતના વિદ્ધાન વકીલશ્રી તેમની દલીલોમાં જણાવે છે કે, દોષિત જેલમાં મોકલવામાં આવે તો તેમના પરિવારને દુ:ખ સહન કરવુ પડે તેમ છે. દોષિતને ભવિષ્યમાં કોઈ ગુન્હાની હીસ્ટ્રી નથી અને તેવા સંજોગોમાં દોષિત સાથે નરમ વલણ દાખવવા અરજ ગુજારેલ છે.

૧૮) ફરીયાદપક્ષે એ.પી.પી.શ્રીએ તેમની દલીલોમાં જણાવેલ છે કે, દોષિતએ ગંભીર પ્રકારનો ગુન્હો કરેલ છે. તેમણે ડ્રાય સ્ટેટમાં કેફી પીણુ પીને ગુજરાત પ્રોહીબિશન એક્ટની કલમનો ભંગ કરેલ છે. જેથી આરોપીને યોગ્ય સજા કરવા અરજ ગુજારેલ છે.

૧૯) બંને પક્ષકારોના વકીલશ્રીઓની દલીલો સાંભળી અને ગુન્હાની ગંભીરતા ધ્યાને લેતાં દોષિતએ ગુજરાત પ્રોહી. એક્ટનું ઉલ્લંઘન કરેલ છે. તે હકીકત છે. દોષિતની ઉપર તેમના પરીવારની ભરણપોષણની જવાબદારી છે. દોષિતનો હાલનો પ્રથમ ગુન્હો છે. દોષિત કોઈ રીઢો ગુનેગાર નથી. દોષિત હાલ ઈલેક્ટ્રીશ્યન તરીકે નોકરી કરે છે.આ ગુના માટે પશ્ચાતાપ વ્યક્ત કરે છે અને દોષિત ભવિષ્યમાં આવો ગુનો કરશે નહિ તેની ખાતરી આપે છે. દોષિતની હાલની ઉંમર ૨૪ વર્ષની છે, તેમનું ભવિષ્ય બાકી છે. જે દોષિતની તમામ હકીકતો ધ્યાને લેતાં, દોષિતને દંડ કરવો ન્યોયોચીત જણાતો હોય નીચે મુજબનો હુકમ ફરમાવવામાં આવે છે.

**– ઃ આ ખ રી હુ ક મ ઃ–**

૧) આ કામના આરોપી– **રોહીતભાઈ ઉર્ફે લાલો ભરતભાઈ જોષી,** રહે. ઉના, ભીમપરા રામેશ્વર ખાણ, તા. ઉના, જી. ગીર સોમનાથ ને ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ– ૨૭૮(૨) અન્વયે ગુજરાત પ્રોહીબીશન એક્ટની કલમ–૬૬(૧)(બી) મુજબના ગુના સબબ દોષિત ઠરાવી એક માસની સાદી કેદની સજા અને રૂ. ૧,૦૦૦/– (અંકે રૂપિયા એક હજાર પુરા) નો દંડ કરવામાં આવે છે. જો દંડની રકમ ભરવામાં નિષ્ફળ જાય તો ૧૫ (પંદર) દિવસની સાદી કેદની સજા ફરમાવવામાં આવે છે.

**૨)** આરોપીને જજમેન્ટની નકલ વિના મુલ્યે આપવી.

ચુકાદો આજરોજ **તા. ૨જી, માહે–એપ્રિલ, સને–૨૦૨૬** ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી મારી સહી/સિક્કો કરીને જાહેર કર્યો.

ઉના.
તા. ૦૨ / ૦૪ /૨૦૨૬
**K.D. Vainsh (Guj. Steno)**

(નીરજ કુમાર યાદવ)
સેકન્ડ એડી. ચીફ જ્યુડી. મેજી, ઉના.
કોડ નં. જી.જે.૦૧૪૦૯